ગાંધીનગર સમાચાર

નબળુ પરિણામ ધરાવતી શાળાના શિક્ષકોનુ પરિણામ પણ એવરેજ





**નારીશક્તિ સન્માન** - ગાંધીનગર મેડીકલ કૉલેજ ઓડીટોરીયમમાં જિલ્લા પંચાયત દ્વારા શહેર અને જિલ્લાની સિદ્ધિસંપન્ન નારીશક્તિનું મુખ્યમંત્રીના વરદ હસ્તે સન્માન કરાયું હતું... પ્રારંભમાં વિશિષ્ટ બાળકોએ મુખ્યમંત્રીને રક્ષાપોટલી બાંધી આવકાર્યા હતા... આ અભિગમને મુખ્યમંત્રીએ બિરદાવ્યો હતો અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી. શહેર - જિલ્લાની ૧૩૨ મહિલાઓને નારીશક્તિ સન્માન એનાયત કરાયું હતું. (તસવીર : દિપક જાની)

# ગાંધીનગર જિલ્લાના ૩ પીએસઆઈ બદલાયા

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યભરમાંથી ૨૫ બિન હથિયારી પીએસઆઈની બદલીઓના આદેશ મોડી સાંજે જારી થયા હતા. જેમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા ટી.બી. રાઠોડને સાબરકાંઠા, કે.સી. રાઠવાને આણંદ અને એ.સી. ડામોરને જુનાગઢ જિલ્લામાં બદલી કરવામાં આવી છે. જયારે ગાંધીનગર જિલ્લામાં ત્રણ પીએસઆઈની નિમણુંક કરાઈ જેમાં કચ્છ પશ્ચિમથી એ.કે. ચોટીયારા, ભરૂચથી સી.કે. ચૌધરી અને અમદાવાદ પશ્ચિમ રેલવેથી બી.એમ. રાઠવાનો સમાવેશ થાય છે.




**બેસણું**

અમારા માતૃશ્રી ગં.સ્વ.શાંતાબા પથુભા ચુડાસમા અક્ષરનિવાસી થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા. ૧૩/૦૮/૨૦૧૫ ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૫૮૧/એ-૨, સેક્ટર ૭/૮, બસ સ્ટેન્ડ પાછળ, સેકટર-૮, 'ચ' માર્ગ ગાંધીનગર

લિ. પ્રો. ભૂપતસિંહ પથુભા ચુડાસમા (વાગડ-ધંધુકા)
(નિવૃત પ્રાધ્યાપક વિજ્ઞાન કોલેજ ગાંધીનગર )

**જોઈએ છે**

• LED TV • LCD TV • Colour TV

જુના બંધ હાલતમાં

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ - મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧


# નબળુ પરિણામ ધરાવતી શાળાના શિક્ષકોનુ પરિણામ પણ એવરેજ

ગાંધીનગર તા ૧૧

ધોરણ-૧૦માં ૩૦ ટકાથી ઓછુ નબળુ પરિણામ ધરાવતી શાળાઓના શિક્ષકોની જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કસોટી લેવામાં આવી હતી. જેના અંતે શિક્ષકો એવરેજ પરિણામથી પાસ થયા હોવાનુ સ્પષ્ટ થયુ છે. જિલ્લાની ૧૮ શાળાઓમાંથી ૧૦૦ શિક્ષકોની વિવિધ ૫ વિષયો માટે પરિક્ષા લેવાઈ હતી. ઓ એમ આર પધ્ધતિથી લેવાયેલી ૫૦ ગુણની પરિક્ષામાં શિક્ષકોએ ૩૫ થી ૪૬ વચ્ચે ગુણ મેળવ્યા હતા. આ ઉપરાંત જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા વિદ્યાર્થીઓના નબળા પરિણામ માટે યોગ્ય પગલા લેવાય તેવા સુઝાવોને અનુલક્ષી વર્કશોપ દરમિયાન વિશિષ્ટ પ્લાનીંગ પણ કરવામાં આવ્યુ હતુ.

ગત માર્ચ મહિનામાં શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૦ની પરિક્ષામાં ગાંધીનગર જિલ્લાની ૨૪ જેટલી શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચુ આવતા જિલ્લા શિક્ષણતંત્રમાં પણ ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે. જયારે પરિણામ સુધારણા માટે શિક્ષણ તંત્ર દ્વારા વધારાના વર્ગો લેવા ઉપરાંત શિક્ષકો પાસેથી સુઝાવો મેળવવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી. જિલ્લાની સરકારી અને ગ્રાન્ટેડ ઈન શાળાઓમાં પરિણામની ટકાવારી સુધરે તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ગત શનિવારે એક વર્કશોપનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન શિક્ષકો પાસેથી શાળાઓના નબળા પરિણામ મામલે કારણો પુછવામાં આવ્યા હતા. જયારે વિવિધ ૧૮ શાળાઓના ૧૦૦ જેટલા શિક્ષકોની પરિક્ષા લેવામાં આવી હતી. જેમાં ઓ એમ આર પધ્ધતિથી લેવાયેલી ગુજરાતી ગણિત, વિજ્ઞાન, અંગ્રજી, તેમજ સામાજિક

● અનુસંધાન પાન-૭ પર

**ધોરણ-૧૦માં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાના શિક્ષકોની પરીક્ષા લેવાઈ : પરિણામ સુધારણા માટે વર્કશોપ યોજાયો**

### શિક્ષકોની દ્રષ્ટીએ નબળા પરિણામના કારણો

- શાળોઓમાં નબળા વિદ્યાર્થીઓ
- વિદ્યાર્થીઓની અનિયમિતતા
- હોમવર્ક કરતા નથી.
- ગ્રામ્ય વિસ્તારમાં વાલીઓ ખેતીમાં વ્યસ્ત
- વાલીઓમાં વિદ્યાર્થીઓના ભણતર અંગે જાગૃતિનો અભાવ
- વિદ્યાર્થીઓ તરફ શાળા બાદ ધ્યાન અપાતુ નથી.

# શહેરમાં રોડ સાઈડના પેલ્ટો ફોરમના જોખમી વૃક્ષો દુર કરાશે

**અંદાજિત ૧ હજાર જેટલા વૃક્ષો દુર કરવા વિભાગની મંજુરી લેવાશે**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં નમીને ઉભેલા ભયજનક વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે વરસાદી સંજોગોમાં આ વૃક્ષો ગમે ત્યારે અકસ્માતનુ કારણ બનતા જાનલેવા પણ પુરવાર થાય તેવી દહેશત પણ પ્રબળ બની છે. ગત મહિના દરમિયાન શહેરમાં તોફાની વરસાદ દરમિયાન સેંકડો વૃક્ષો ધરાશાયી થયા હતા જયારે આ પૈકી મોટાભાગના વૃક્ષો પેલ્ટોફેરમ હોવાનુ પણ સ્પષ્ટ થયુ હતુ જેને ધ્યાને લઈ વનતંત્ર દ્વારા હાથ ધરાયેલા સર્વેના અંતે શહેરના માર્ગ નં-૫ તેમજ અન્ય રોડસાઈડના વિસ્તારમાં આવા ૧ હજાર જેટલા વૃક્ષો દુર કરવા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જો કે આ મામલે તંત્ર દ્વારા વિભાગની મંજુરીના અંતે કામગીરી હાથ ધરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૨૦૨૦ વૃક્ષો ધરાશાયી થયા હતા

**વૃક્ષો દુર કરવાની કામગીરી હજુ અપૂર્ણ: ગત મહિના દરમિયાન તોફાની વરસાદમા ધરાશાયી થયેલા વૃક્ષોનો હજુ નિકાલ થયો નથી**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં ગત મહિના દરમિયાન આવેલા વરસાદી વાયરામાં જિલ્લામાં ૨૦૨૦ વૃક્ષો ધરાશાયી થયા હોવાનું વન વિભાગે જણાંવ્યુ છે. જો કે ૧૫ દિવસના અંતે પણ તંત્ર દ્વારા વૃક્ષો દુર કરવાની કામગીરી પૂર્ણ થઈ શકી નથી. શહેરમાં પણ નમી પડેલા વૃક્ષો યથાવત જોવા મળી રહયા છે. વૃક્ષોના નિકાલની કામગીરીમાં હજુ પણ એક સપ્તાહ જેટલો સમય લાગશે.

ગત મહિના દરમિયાન આવેલા તોફાની વરસાદમાં ગાંધીનગર જિલ્લાની હરિયાળીને ભારે નુકશાન થયુ હતુ. શહેર અને જિલ્લામાં નજર નાંખો ત્યાં વૃક્ષો ધરાશાયી થયેલા જોવા મળ્યા હતા. શહેરી વિસ્તારમાં પણઁ અંદાજિત ૧ હજાર જેટલા વૃક્ષો જમીનદોસ્ત થતા નગરજનોએ પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. રહિશોના ઘરઆંગણે પણ વૃક્ષો પડી જતાં હજુ સુધી કેટલાક ઠેકાણે વૃક્ષો દુર થયા નથી.

● અનુસંધાન પાન-૭ પર






Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com